





થઇ ગયા એજન્ટ યોગીબાબા, પ્રચારનું કેન્સર!
ચાયની ચુસ્કીમાં છુપાયું છે, પ્રચારનું કેન્સર!
દેખાય છે કેન્સર બધા નિર્ણયોની બાયોપ્સીમાં -
લાગી ગયું છે, લોકશાહીને, પ્રચારનું કેન્સર!




'આપ' બાળને
દે છે ત્રાસ, દિલ્હીમાં -
સાવકા પક્ષો..
(સ્ટેડિયમ નહીં મળે!)

મત-દિવાળી,
ને ફૂટશે તિજોરી -
તંત્રે દેવાળું..
(ચૂંટણીલક્ષી લોભામણી જાહેરાતો)

## ચિંતન

*સેવક સુખ ચહ માન ભિખારી, બ્યસની ધન સુભગતિ બિભિચારી ।*
*લોભી યશુ ચહ ચાર ગુમાની, નભ દુહિ દૂધ ચહત એ પ્રાની ॥*

*(અરણ્યકાંડ - ચોપાઇ ૧૬/૮)*

તુલસીદાસજી રામચરિત માનસમાં કહે છે કે - જે સેવક હોય (દાસ-નોકર-) તે સુખની વાંછના કરે ઇચ્છા-અપેક્ષા રાખે (એ કદી ફળતી નથી) અને ભિખારી-યાચના કરનારો અને દરેક જગ્યાએ માન-સન્માન મળે એવી અપેક્ષા રાખે, (જે કદી શક્ય નથી) વ્યસનમાં ડૂબેલી વ્યક્તિ (દારૂ-જુગાર વગેરે) જો એવી અપેક્ષા રાખે કે તેની પાસે બચત-જમા થાય, (જે કદી બનવાનું નથી) લોભી-કૃપણ છે જે કદી કોઇને કંઇ આપવાની વૃત્તિ ધરાવતો નથી એ એવી અપેક્ષા રાખે કે સમાજમાં તેના યશ-કીર્તિનો ફેલાવો થાય, (જે તદ્દન અશક્ય જ છે) અને મદથી ચકચૂર, અભિમાની વ્યક્તિ જે સદાય પોતાના ધન-સમૃદ્ધિ-સત્તા-પદના ગુમાનમાં જ મસ્ત-વ્યસ્ત રહેતો હોય એ ધર્મ-અર્થ કામ અને મોક્ષ પામવાની આશા રાખે-(જે કદી મળવાનું કે ફળવાનું નથી) - આવી ઇચ્છા - અપેક્ષા રાખનારાને તુલસીદાસજીએ સરસ ઉપમા આપી છે કહ્યું છે આવા લોકો આકાશને દોહીને દૂધ મેળવવાની ઇચ્છા કરનારા જેવા હોય છે.

## સુવિચાર

- એક તલવારની કિંમત હોય છે તેની ધારથી... અને માણસની કિંમત હોય છે તેના વ્યવહારથી *- એસ. ભટ્ટાચાર્ય*
- સમય આપણને શાણા બનાવે તે પહેલાં આપણે સમયસર શાણા બની જવું જોઇએ *- તમિલ કહેવત*
- સત્ય જ જગતનો સાર છે, એનાથી વિશ્વ ટકી રહે છે, એના પર સોનાના ઢાંકણાનું આવરણ આવી જાય તો તે હટાવી સત્યને પામવું તે છે... સાધના *- જનકલ્યાણ*
- ઢંગધડા વગરના તથા મેલા કપડાંથી જો આપણને શરમ આવતી હોય તો પછી મેલા ઢંગધડા વિનાનાં વિચારોથી તો આપણે વિશેષ શરમાવું જોઇએ *- ફાધર વાલેસ*
- વર્તમાનમાં જીવો... આવું જીવન એ પણ એક યોગ છે *- ભક્તિ સૂત્ર*
- જે પોતાનું નામ પોતાના કર્મોથી બનાવે તે જ ઉત્તમ માણસ *- વિનોબા ભાવે*
- બધાને પ્રેમ કરો, થોડાક પર વિશ્વાસ કરો, પણ અન્યાય કોઇને ન કરો *- વિદૂર*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણે આપણી ગરજે મંદિરોનાં પગથિયાં ઘસીએ છીએ. સ્વાર્થ-ભૌતિક સુખો માટે ભગવાનને સમય-મર્યાદાની નોટીસ પણ આપી દઇએ. થાય તો ભગવાન બળીયો - ભલો ને ન થાય તો નકામો! સાંભળતો નથી. શ્રદ્ધા-વિશ્વાસનાં ધરતીકંપ આવી જાય! તમે કોઇદિ એવું માગ્યું - કે હે ભગવાન તારું મહાત્મય ખૂબ વધે - સોનાનાં સિંહાસન મળે?!

એક દિવસ એક વેપારી મુલ્લાં-ફકીર પાસે આવ્યો. ઓલિયો અને સ્પષ્ટ વક્તા હતો. વેપારી કહે, મુલ્લાજી મને ઇશ્વરની કૃપા-નૂરનો અનુભવ થઇ ગયો. મુલ્લાંએ પુછ્યું શું થયું ?

વેપારી કહે-મેં અલ્લાહને આઠ દિવસમાં મારો નફો બમણો થઇ જાય એના માટે બંદગી કરી હતી. તો ત્રણ ગણો થઇ ગયો.

મુલ્લા કહે-મિયા, આવી નાની વાત માટે ખૂદાને પરેશાન ન કરાય. આ તો બધું કરમના ખેલ છે. માત્ર 'બંદગી' કરી ખૂદાને ખૂશ રાખવા પ્રયત્ન કર!

બે મહિના પછી વેપારી રડતો રડતો આવ્યો. ફકીરે ફરી પુછ્યું મિયાં! શું થયું?

વેપારી કહે ખૂદા બહેરો છે. સ્વાર્થી છે, ચાદર ચઢાવવાનું ભૂલી ગયો એમાં આટલી મોટી સજા! મારો દીકરો બિમાર હતો. મેં પ્રાર્થના કરી સાજો થશે તો... ત્યાં તો બીજે જ દિવસે મરી ગયો..

ફકીર હસ્યા, કહ્યું મિયાં તમારી શ્રધ્ધા તો વ્યાપારીક હતી પણ અશ્રદ્ધા પણ સ્વાર્થી નીકળી! તકદીર અને કરમમાં ખૂદાને વચ્ચે ન નાખો. માત્ર બંદગીમાં જ વિશ્વાસ રાખો.

Email - sureshchandrabhatt18@gmail.com

# એકવાર દિલ્હીની બેન્કમાં એટીએમમાંથી પૈસા ઉપાડ્યા તો દસ હજારમાંથી આઠ નોટ હજારની અને ચાર નોટ પાંચસોની નીકળી, મને ભે પેઠો આ મોટી નોટ વટાવવી અઘરી બનશે, અને થયું પણ તેવું જ!

## નાની અમથી વાત (હળવે હૈયે)

## એ.ટી.એમ.

*- ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'*

પહેલા પગાર બેન્કમાં જમા થતો'તો. પછી પેન્શન. એમાં પાછી એટીએમની સુવિધા આવી. જો કે મેં લાંબા વખત સુધી એટીએમ કાર્ડ કઢાવ્યું નહોતું. તેના બે કારણો હતા. એક તો બેન્કમાં જઇ રૂબરૂ પૈસા ઉપાડવા જઇએ તો જૂના મિત્રો કે સંબંધીઓ મળે. કાંઇક સુખ-દુ:ખ, હંસી-મજાકની વાતો થાય. બીજું આ કાર્ડનો ચાર્જ ક્યારે આપણા માથે ઠોકી બેસાડે તેનું નક્કી નહીં. એકવાર કાઉન્ટર ઉપરનાં કર્મચારીએ મને કહ્યું'તું પણ ખરૂ, "સાહેબ અન્કલ... એટીએમ કાર્ડ છે? મેં કીધું, 'ના'. 'કઢાવી લો તો લાઇનમાં ઊભાં રહેવું નહીં પડે.' ચાલો એ વાત માનીને કાર્ડ કઢાવ્યું ય ખરૂ. તેમાંથી ઉપાડ કરવાની ટેકનિક પણ જાણી.

પછી દિલ્હી થોડો સમય રહેવા જવાનું થતાં આ કાર્ડ એમ ને એમ પડ્યું રહેતું. એકવાર દિલ્હીની બેન્કમાં એટીએમમાંથી પૈસા ઉપાડ્યા તો દસ હજારમાંથી આઠ નોટ હજારની અને ચાર નોટ પાંચસોની નીકળી. મને ભે પેઠો આ મોટી નોટ વટાવવી અઘરી બનશે. અને થયું પણ તેવું જ! જે દુકાનકાર ને હજારની નોટ આપું એટલે પહેલાં પૂછે, 'સા'બ... ખુલે નહીં હૈ.' ના પાડીએ એટલે નોટના બે છેડા બે હાથેથી પકડી લાઇટ સામુ ધરીને ધ્યાનથી જુએ પછી પાછો મારી સામે જુએ. કેમ જાણે હું ગુનેગાર હોઉં. પછી પાછી નોટને ફેરવી ફરી લાઇટ સામુ અને પછી મારી સામુ પાછું જુએ.

બધી નોટને વટાવતા સારો એવો સમય ગયો. દરમિયાન ગાંધીનગર પરત પણ આવી ગયો. પછી તો નક્કી કર્યું બંને ત્યાં સુધી બેન્કમાં જઇ પૈસા ઉપાડવા.

તે મુજબ હું પૈસા ઉપાડવા ગયો તો કાઉન્ટર પરનાં કર્મચારી બદલાઇ ગયેલા. મેં વીથડ્રોઅલ સ્લીપ ભરીને તેમને પાસબુક સહિત આપી. તેમણે કામ ચાલું રાખતાં જ પુછ્યું, 'એટીએમ' કાર્ડ નથી? મેં કીધું, 'છે ને!'

'તો પછી તેમાંથી જ ઉપાડતાં હો તો.'

મેં તેમને હળવી શૈલીમાં દિલ્હીના રામાયણ ટૂંકમાં જણાવી. પછી હસતાં હસતા કીધું, 'તમે મારા બે સવાલના જવાબ આપશો તો તમને તેમાંથી જ જવાબ મળી જશે, તેઓ મને કહે, 'શું છે સવાલ?'

મેં કીધું, 'સવાલ પહેલો... એટીએમમાંથી દસનું બંડલ નીકળે?'

તેઓ કહે, 'ના'

'સવાલ બીજો...' એટીએમમાંથી (નોટોની થપ્પી પકડી રાખવા) રબર નીકળે?'

તેઓ હસતાં હસતાં કહે 'ના'. પાછળ લાઇનમાં ઉભેલા લોકોય હસી પડ્યા.

*સુરસુરીયું :*
(કેજરીવાલને અર્પણ),
વોટર સે વોટ માંગ કે આયે હૈ ચારદિન
દો ઘરને મેં બીગ ગયે દો બબાલ મેં (ઝફરની ક્ષમાયાચના સહ)

# આ જ આપણી સંસ્કૃતિ છે?

## અક્ષયપાત્ર

*- બકુલ દવે*

તુમ્હારી તહઝીમ અપને ખંજર સે આપ હી ખુદકુશી કરેલી,
જો શાખે -નાજૂક યે આશિયાના બનેગા નાપાયેદાર હોગા ।

- ઇકબાલ

(આ તમારી સંસ્કૃતિ પોતાના જ ખંજરથી આત્મહત્યા કરશે. નાજુક ડાળીઓ પર જે માળો બંધાશે તે પાયા વગરનો હશે.

સાર્થ જોડણીકોશમાં સંસ્કૃતિ માટે અર્થ આપ્યો છે : સભ્યતા, સુધાર, સામાજિક પ્રગતિ અને સભ્ય હોવું એટલે ? સાર્થ જોડણીકોશ મુજબ તેનો અર્થ છે : વિવેકી અથવા તો શિષ્ટ. આ 'સંસ્કૃતિ' શબ્દ આપણને જીભવગો થઇ ગયો છે. જયાં અને ત્યાં આ શબ્દ વારંવાર સાંભળવા - વાંચવા મળે છે, અપ્રતીતિકર જણાય એ રીતે એનો બેફામ પ્રયોગ થતો રહે છે. સંસ્કૃતિ બચાવવાની, એનું રક્ષણ કરવાની અને એના પર ગર્વ કરવાની જાહેરાત કરતાં સુવાક્યો દીવાલો પર, સાઇનબોર્ડ અને હોર્ડિંગ્ઝમાં જોવા મળે ત્યારે આપણે એના પર અછળતી દૃષ્ટિ ફેરવી દઇએ છીએ. ભાષણો અને વક્તવ્યોમાં આ શબ્દને ચલણી સિક્કાની જેમ વપરાતો જોયા કરીએ છીએ. આ બધી જ વખતે એક પ્રશ્ન સતત થયા કરે છે : આજે આપણી સંસ્કૃતિ માટે ગર્વ થાય એવું આપણે શું કરીએ છીએ?

આપણે કેટલાંક સંસ્કૃત - સભ્ય અથવા તો વિવેકી રહ્યા છીએ? કાયદાના છિદ્રાળુ આવરણ હેઠળ અરાજકતા આપણે છુપાવી શકતા નથી. ભ્રષ્ટાચાર આપણા દેશ અને સમાજ માટે નાસૂર બની રહ્યો છે. પરસ્પર છેતરવાની હોડ ચાલી રહી છે. રોજ સવારે જાગતાંની સાથે નવાં કૌભાંડના ખબર મળે છે. ખાદી ધારણ કરતાં પૂરતાં જ આપણે ગાંધીવાદી રહ્યા છીએ.

સભ્યતાને સ્વચ્છતા સાથે પણ નિસ્બત છે. દેશમાં અંદર-બહાર કશું ચોખ્ખું છે? જયાં-ત્યાં થૂંકી, લઘુશંકા કરી ગંદકી ફેલાવતા આપણે વખત આવ્યો એકમેક પર પણ અપ્રગટ રીતે થૂંકી લઇએ છીએ. આપણી ભાષા માટે પણ આપણને કયાં ગૌરવ છે? આપણે અંગ્રેજી બોલતા ગર્વ અનુભવીએ છીએ અને ગુજરાતી ભાષામાંથી આપણો રસ ઊડી ગયો છે. બેમાંથી એકેય ભાષાને આપણે પુરા સમર્પિત થઇ શક્યા નથી. જેની પાસે પોતાની ભાષા નથી એ પ્રજાને એની સંસ્કૃતિ પણ નથી. ભાષા એ સંસ્કૃતિની કરોડરજ્જુ છે. એ સંસ્કૃતિને ટટ્ટાર રાખે છે, અસ્મિતા આપે છે.

આપણી નજર સામે જુઠ્ઠા, ચારિત્ર્યહીન અને પરોક્ષ રીતે દેશનો દ્રોહ કરતાં માણસોથી સત્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ માણસો હાંસિયામાં ધકેલાતા જાય એવો માહોલ જામ્યો છે. ઇકબાલના શેરની જેમ નાજુક ડાળી પર માળો બંધાઇ રહ્યો છે. જેનો ટકાઉપણા વિશે આશંકા ઘેરી બનતી જાય છે.

અહીં મોટું કૌભાંડ કરનારને વાળ વાંકો થતો નથી, પણ પેટની ભૂખ ઠારવા નાનકડો 'ગુનો' કરનાર કાયદાની પકડમાં આવી જાય છે. આપણે એકતાનો આલાપ છેડીએ છીએ પણ સત્ય એ છે કે આપણે ઝડપથી વિખરાતા જઇએ એવું વલણ આપણે અપનાવ્યું છે. આપણે અગાઉ કરતાં પણ વધુ જડતાથી નાતિ-જ્ઞાતિ અને ધર્મ વડે પૂર્વગ્રહોને જન્મ આપતા રહીએ છીએ. સાવ નમાલી બાબતમાં આપણી લાગણી ઘવાઇ જાય છે. જો આપણે એટલા સંવેદનશીલ છીએ તો આપણા દેશ અને સંસ્કૃતિમાં મોટા ગાબડાં પાડી શકે એવી ઘટના સમયે ચૂપ કેમ રહી શકીએ છીએ?


આપણે સ્વિટ્ઝર્લેન્ડ અને સિંગાપોરની સ્વચ્છતા, ઇઝરાયેલઓનું દૂરંદેશીપણું અને દેશદાઝ, અંગ્રેજોની નિયમિતતા, જાપાનીઓનું કામઢાપણું અને અમેરિકાનાં ઐશ્વર્યથી અભિભૂત થઇ ત્યાં જઇ આવ્યા પછી દિવસો સુધી યાદ કરતા રહીએ છીએ. પ્રશ્ન પણ થાય છે : આપણી પાસે એવું કૈં છે જેને લઇને કોઇ વિદેશી અભિભૂત થઇ શકે?

# નિયત સમયે થાઈરોઈડનું ચેક અપ કરાવવું, તેમજ આધુનિક ઔષધોનો ઉપયોગ વિવેકબુદ્ધિપૂર્વક કરવો, ચિકિત્સકની સલાહ અનુસાર નિયતમાત્રામાં જ ઉપયોગ કરવો જરૂરી છે

## થાઈરોઈડ નિરામય

*- ડો. કેદાર ઉપાધ્યાય*

આપણું શરીર એક સિસ્ટમ છે. જેવી રીતે કોઇ સિસ્ટમમાં અનેક યંત્રો હોય, એ યંત્રો વળી અનેક પુરજાઓથી બન્યા હોય, એ પુરજાઓ વળી એક ધાતુ આદિ દ્રવ્યોનાં સંયોજન વડે બન્યા હોય... એવી જ રીતે શરીરમાં પણ અનેક તંત્રો છે. આ તંત્રો એકબીજા સાથે સંકળાયેલ છે. દરેક તંત્રમાં અંગ-ઉપાંગો છે. આ અંગ-ઉપાંગો અલગ અલગ પેશી-કોષો વડે બનેલા છે.




આ તંત્રો એકબીજા સાથે જોડાયેલાં છે, અને આ જ વાત ખૂબ અગત્યની સિદ્ધ થાય છે. જેમ કે પાચનતંત્ર બગડે તો તેની અસર શરીરના બીજા તંત્રો પણ પણ થાય. આવા અનેકાનેક તંત્રોમાં એક ખૂબ અગત્યનું તંત્ર એટલે અંત:સ્ત્રાવી તંત્ર. બોલચાલની ભાષામાં તેને 'હોર્મોન' કહે છે. આપણા શરીરમાં અમુક ગ્રંથીઓ આવેલી છે. (ગ્લેન્ડસ) જે અમુક પ્રકારના હોર્મોનનો સ્ત્રાવ કરે છે. આ હોર્મોન લોહીમાં ભળે એટલે અમુક પ્રક્રિયાઓ થાય જેને કારણે શરીર પર તેની જે-તે અસર થાય.

આ અંત:સ્ત્રાવી તંત્ર અંતર્ગત આવેલ અનેક ગ્રંથીઓ પૈકીની એક એટલે થાઇરોઇડ ગ્રંથી. આ થાઇરોઇડ ગ્રંથી થાઇરોઇડ સમૂહના અંત:સ્ત્રાવોનું સ્ત્રવણ કરે છે જેની શરીરમાં વિવિધ અસરો થાય છે.

થાઇરોઇડને અવટુકી ગ્રંથી કહે છે જે સ્વરયંત્ર અને શ્વાસનળીની વચ્ચે સ્થિત હોય છે. આ ગ્રંથીની અંદર નાના પુટકો હોય છે તથા આ પુટકોમાં કોશિકાઓ હોય છે જેમાંથી હોર્મોનનું સ્ત્રવણ થાય છે.

આયોડીન નામે તત્ત્વ, અમુક પ્રક્રિયા વડે - આયોડાઇઝમાં રૂપાંતર પામી થાઇરોઇડ હોર્મોનમાં ફેરવાય છે. આ થાઇરોઇડ હોર્મોન શરીરના ચપાપચયની ક્રિયાઓ માટે ખૂબ જરૂરી છે. થાઇરોક્સીન હોર્મોન આહારના ચયાચયનમાં ખૂબ જરૂરી છે. શરીરની ઉર્જા અને શક્તિ ટકાવી રાખવા માટે પણ ખૂબ જરૂરી છે.

ચયાપચય ઉપરાંત થાઇરોઇડ હોર્મોન્સ લેગિંક પરિપક્વતા, લોહીમાં ગ્લુકોઝ વધારવું, પ્રોટીન સંશ્લેષણ, તેમજ ગ્લુકોઝના અવશોષણના તબક્કાઓમાં પણ ભાગ ભજવે છે.

જયારે થાઇરોઇડ ગ્રંથીમાંના સ્ત્રાવ ઓછા કે મંદ થાય ત્યારે હાઇપોથાઇરોઝીમ થાય છે. આમાં ચયાપચયની ક્રિયાઓ મંદ થઇ જાય છે. હાડકાંઓની પુષ્ટિ તથા વિકાસ ઓછો થાય છે, બાળક ઢીંગણું રહે છે, હૃદય-સંકોચ-વિસ્તાર ઘટે છે, ચામડી બરછટ બને છે. માંસપેશીઓ નબળી બને છે, થાક લાગે છે, વજન વધી જાય છે, શરીરનું તાપમાન ઓછું થઇ જાય છે, હાડકાં પોલા બને છે, નાના બાળકોને હાઇપોથાઇરોઇડ હોય તો તેની બુદ્ધિ પર અસર થાય છે, બાળકની જીભ લાંબી થાય છે, હોઠની બહાર દેખાયા કરે, આંખો પર સોજો આવે, નાક ત્રાંસુ થાય, પેટ મોટું થઇ જાય... આદિ લક્ષણો જોવા મળે છે.

જયારે થાઇરોઇડ ગ્રંથીનો સ્ત્રાવ વધી જાય તેવી સ્થિતિને હાઇ પર થાઇરોડીઝમ કહે છે. આ સ્થિતિમાં હાથમાં કંપન થાય, શરીર દૂબળું બને, ભૂખ લાગે, છતાંય શરીર ક્ષીણ થાય, ખૂબ પરસેવો થાય, બ્લડ સુગર વધી જાય, આંખો બહાર નીકળી આવે, હૃદયનાં ધબકારા વધી જાય, વાળ ખરી જાય, દર્દી ઉગ્ર સ્વભાવના થઇ જાય.

આયુર્વેદ મુજબ જોવા જઇએ તો આ રોગને ગલગંડ રોગ સાથે સરખાવી શકાય. આ રોગ મંદાગ્નિને કારણે થાય છે તેવું આચાર્યોનું મંતવ્ય છે. આયુર્વેદ મુજબ ચિકિત્સા જોઇએ તો હાઇપોથાઇરોડનમાં પ્રોટીનયુક્ત ભારે ખોરાક બંધ કરવા, હળવા-સાદો આહાર લેવો. ત્રિફળા, આદુ, આરોગ્યવર્ધિની, શિલાજીત, ત્રિકટુ, કોચનાર, શંખપુષ્પી આદી ઉત્તમ ઔષધો છે, હાઇપર થાઇરોઇડીઝમની ચિકિત્સા જોઇએ તો પિત્તને દૂર કરે તેવા ઔષધો લેવા જેમ કે ગોખરે, શતાવરી, ત્રિફળા, કામદૂધા, સૂતશેખર, અવિપત્તિકર આદિ.

નિયત સમયે થાઇરોઇડનું ચેક અપ કરાવવું. તેમજ આધુનિક ઔષધોનો ઉપયોગ વિવેકબુદ્ધિપૂર્વક કરવો. ચિકિત્સકની સલાહ અનુસાર નિયતમાત્રામાં જ ઉપયોગ કરવો જરૂરી છે.

# જિંદગીમાં છેલ્લા વર્ષોમાં દીકરાના મુખે આ શબ્દો સાંભળવા પડશે એની કલ્પનાય નહોતી કરી, એના કપડાની એક બેગ તૈયાર કરવા લાગી, વહુનાં મહેણાં ટોણાં સાંભળી મહિનાઓથી દબાવી રાખેલ આંસુઓની ધાર દીકરાના શબ્દો સાંભળી વહેવા લાગી

## એક આંચકો

*- જય ગજ્જર*

હરકિશને લાકડી લીધી, આંખે ચશ્મા ચઢાવ્યા, પગમાં ચંપલ પહેર્યા અને ઘર બહાર ચાલી નીકળ્યો. શાંતિની શોધમાં. ઘરમાં જે કંઇ બની રહ્યું હતું અને ટીવી પર જે જોઇ રહ્યો હતો એનો સંતાપ વધતો જતો હતો. રોજે રોજ ઘરમાં શબ્દોનાં પ્રવાહો થતા હતા. દુનિયાના કો'ક ને કો'ક ખુણે આતંકવાદના હુમલા થતા હતા, ધરતીકંપના આંચકા આવતા, કયાંક કુદરત રૂઠતી હતી કયાંક માનવ રૂઠતો હતો. ઘરમાં પણ પળે પળે પતિપત્ની, પિતાપુત્ર, મા-દીકરો, સાસુ-વહુ, ભાઇબહેન વચ્ચે સંબંધનો મીઠો મધુર સ્નેહ ઓસરી રહ્યો હતો. આ ધરતી પરથી સંબંધ અને પ્રેમ વિસરાઇ રહ્યા હતા. લોકો કહેતા 'કળિયુગનો પ્રભાવ છે!' પણ વિચારતો, 'હે જગના તારણહાર, તારા પ્રભાવનું શું થવા બેઠું છે?'

શહેરની મધ્યે આવેલા હરે કૃષ્ણને મંદિરે પહોંચી એણે એક પડકાર ફેંક્યો, 'હે વિશ્વના નાથ, હે વિશ્વના તારણહાર આ ધરતી પર શું બની રહ્યું છે? માનવી દાનવ બન્યો છે, ધરતી કૃપણ બની છે, માનવતા વિસરાઇ ગઇ છે, સંબંધના તાર તૂટી ગયા છે, સૌનો રક્ષણહાર તું પણ આજ પથ્થર જેવો જડ બની ગયો છે કે મારા પ્રણવની જેમ રાધાના સંગમાં ગરકાવ થઇ તું તારો ધર્મ ભૂલી પ્રણયઘેલો બની ગયો છે!' 'યદા યદા હી ધર્મસ્ય...' એ ગીતના શબ્દો ઉપદેશ રૂપે જ તે ભગવદ્ગીતામાં કંડારેલા?'

સામે સંગેમરમરના પથ્થરમાં કંડારેલી કૃષ્ણની મૂર્તિ હચમચી ઉઠી. પણ પળમાં તો રાધાએ એનો હાથ પકડી લીધો. કૃષ્ણની મૂર્તિ સ્તબ્ધ બની એની સામે જોઇ રહી.

હરકિશન એનો અર્થ સમજી જતાં મનનો ઉભરો કાઢ્યો, "વાહ કાનુડા, મારા પ્રણવની જેમ તું પણ એક પ્રેમિકાના શબ્દોમાં બંધાઇ જાય છે એની ખબર નહિ. હવે તારી પાસે ફરિયાદ કરવાનો કોઇ અર્થ નથી. કળિયુગની અસર તારા સુધી પણ પહોંચી છે એ જાણતો હોત તો તારી પાસે ન જ આવત!"

મંદિરની બહાર આવતાં એના કાને શબ્દો પડ્યા, "વાહ નિરાધાર બાઇને મદદ કરશો તો ભગવાન તમારી લીલી વાડી અમર રાખશે!" વાડીને અમર રાખવા બંનેએ જાતને ઘસી નાખી. હોંસે હોંસે દીકરાને ભણાવ્યો, ગણાવ્યો, મોટો કર્યો અને સારા ઘર પરણાવ્યો. જે દીકરો માબાપને પૂછ્યા વિના પાણી પણ નહોતો પીતો એ લગ્ન પછી બે જ વર્ષમાં વહુનો કહ્યાગરો કંથ બની ગયો.માએ જાતને જરાકે વિચાર કર્યા વિના બે બાળકોને મોટાં કર્યા, વહુનો પડતો બોલ ઝીલી વ્યાજને વહાલું કરી સંસારને દીપાવ્યો. એ જ વહુનાં કડવાં વેણથી દાદી તનમનથી ભાંગી પડી ત્યારે દીકરાએ વહુના કહેવાથી ઊંચા સાદે એક વાક્ય ઉચ્ચાર્યું, "મમ્મી, બાળખો મોટાં થઇ ગયા છે, હવે તમારી જરૂર નથી. નિયતિની ઇચ્છા છે કે રોજના કકળાટમાંથી શાંતિ માટે તમારા પેલા ફ્લેટમાં જઇ આરામથી રહો."

સરલા તો આ શબ્દો સાંભળી ભાંગી પડી. જિંદગીમાં છેલ્લા વર્ષોમાં દીકરાના મુખે આ શબ્દો સાંભળવા પડશે એની કલ્પનાય નહોતી કરી. એના કપડાની એક બેગ તૈયાર કરવા લાગી. વહુનાં મહેણાં ટોણાં સાંભળી મહિનાઓથી દબાવી રાખેલ આંસુઓની ધાર દીકરાના શબ્દો સાંભળી વહેવા લાગી. તનમન પર કાબુ ગુમાવી બેસતાં એક ડૂમો ભરાયો. હાર્ટ એટેક થતાં સરલાએ જીવ છોડ્યો! બિચારી ભગવાનને ઘેર પહોંચી ગઇ. સારું થયું કે વહુના કકળાટમાંથી છૂટી! હરકિશનને હતું કે હવે ઘરમાં શાંતિ સ્થપાશે. દોઢેક મહિનાની શાંતિ પછી પાછી નિયતી વિફરી, "હવે નાના કીકા નથી, હાથ પગ ચાલે છે. ચાના સ્તો બનાવી લેતા શું જોર આવે છે ? તમારા ફ્લેટમાં રહેતા હોત તો બધું હાથે ન કરવું પડત?"

હરકિશન ગમ ખાઇ ગયો. સરલા યાદ આવી જતાં એક શબ્દ પણ બોલ્યા વિના શાંતિથી શોધમાં ઘર બહાર નીકળી પડ્યો હતો.

એણે એ સારા કુટુંબની લાગતી બાઇને પુછ્યું, "તું ખરેખર નિરાધાર છે? શું નામ છે તારું?"

"નિર્મળા. ઘર નથી, કુટુંબ નથી, કોઇ આધાર નથી. બધું જ ધરતીકંપના એક આંચકામાં ચાલ્યું ગયું. હું અભાગણ મંદિરે દર્શન કરવા ગઇ હતી એટલે કુદરતના કોપમાંથી બચી ગઇ!" કહેતાં એનું હૈયું ભરાઇ જતાં હરકિશનના બંને પગ પકડી પોક મુકી રડવા લાગી. એની આંખોમાં લાગણી અને પ્રેમભાવના છલકાઇ રહ્યાં.

હરકિશન એ બાઇને નખશિખ નીરખી રહ્યો. એનું દયામણું મુખ જોઇ હૈયાના ખૂણે દયાનો સાગર ઉમટતાં મુખમાંથી શબ્દો સરી પડ્યા, "મારી પાસે મજાનું ઘર છે. સુખી જીવન જીવવાનો આધાર છે. પણ સ્નેહનો સથવારો નથી. તને નિરાધારને આધાર મળી રહેશે, બોલ, મારી સાથે રહેવા માટે ઘેર આવવું છે?"

"સાહેબ, આપણે એકબીજાને ઓળખતાં નથી તો ય આમ દયાળું બનો છો?"

"સાથે રહીશું, સાથે જીવીશું તો એક બીજાને ઓળખતાં થઇશું ને?"

"તમે મારા ભગવાન બની રહેશો અને હું તમારી ભક્ત! સુખ અને સથવારો આપી પરસ્પરનાં જીવન ધન્ય બનાવીશું. ચાલો, મારા તારણહાર!" અને એ ઉભી થઇ. પેલો ધરતીકંપનો આંચકો ભૂલી એક આંચકો અનજાન ભાવિનો વિચારતાં આંખો અશ્રુથી ઊભરાઇ આવી.

'તારાં સ્વજન તને જાય મૂકી...' શબ્દો લલકારતો હરકિશન નિરાધાર નિર્મળાને લઇ એના ફ્લેટ તરફ ચાલવા લાગ્યો.